सा विद्या विमुक्तये

# શારદ

વર્ષ ૩૧ જાન્યુઆરી - ૨૦૧૨ અંક-૩

## વાલીઓને.....

### ભાષાકીય કટોકટી

વિશ્વની અમુક ભાષાઓ દર વર્ષે લુપ્ત થતી જાય છે કારણકે દુનિયા નાની થતી જાય છે. ગુજરાતી ભાષા માટે પણ ચિંતા ઉપજાવે તેવી પરિસ્થિતિ ઉભી થઈ છે. ભાષા અને સંસ્કૃતિ અત્યંત ગાઢ રીતે સંકળાયેલા છે. ભાષા લુપ્ત થતાં સંસ્કૃતિ પણ લુપ્ત થાય છે. આમ ગુજરાતની સંસ્કૃતિ માટે સંકટ ઉભું થયું છે અને તે ટાળવા માટે સઘન પ્રયત્નો અનેક સંસ્થાઓ કરે છે તે આનંદની વાત છે.

ગુજરાતી ભાષાએ શ્રીમદ રાજચંદ્ર, ગાંધીજી, હેમચંદ્રાચાર્યજી જેવા અનેક વિદ્વાનોના વિચારોને સુચારુ રૂપે વ્યક્ત કરીને એક સમૃધ્ધ ભાષા હોવાની પ્રતીતિ કરાવી છે ત્યારે આવી ભાષાકીય કટોકટી નીવારવી જ રહી.

આ માટે અનેક પ્રયત્નો થઈ રહ્યા છે તો તેની સામે કેટલાક જોખમો ઉભા થાય તેવા પરિબળો પણ છે. જાહેર માધ્યમો ભાષાનો ફેલાવો કરવામાં સિંહફાળો આપે છે તે તો સર્વ સ્વીકૃત હકીકત છે પરંતુ આ માધ્યમો ભાષાની શુદ્ધતા અંગે જોઈએ તેવી ચીવટ રાખતા નથી. જોડણી અને ઉચ્ચારોની અશુદ્ધિ પારાવાર જોવા મળે છે. આ માટે જાહેર માધ્યમોએ સજાગ રહેવું જ જોઈએ.

શાળા કક્ષાએ આજે બધા પ્રવાહોમાં ઉચ્ચ માધ્યમિક કક્ષા સુધી આ વિષય ફરજીયાત ગણાતો નથી અને તેને અધવચ્ચે સ્વૈચ્છિક બનાવી દેવામાં આવે છે તે અંગે યોગ્ય પગલા લેવા જોઈએ. આજે શાળા કક્ષાએ જે ગુજરાતી શીખવવામાં આવે છે તેમાં પણ ઘણી ઉણપો નજરે ચડે છે. આ માટે શિક્ષકોની ક્ષમતા અંગે પ્રશ્ન તો છે જ. આ ઉપરાંત પરીક્ષામાં પણ મોટાભાગે બહુ વિકલ્પ પ્રશ્નો, ખાલી જગા પૂરવાના પ્રશ્નો, એકાદ શબ્દ કે વાકયમાં જવાબ આપી શકાય તેવા પ્રશ્નો ઘણો મોટો ભાગ રોકી લે છે અને તેથી કરીને વિચારો વ્યકત કરવાની અભિવ્યક્તિને તક જ મળતી નથી. આ અંગે ગંભીરતાથી વિચારવું જોઈએ.

આજના જમાનામાં પત્રલેખન નહીવત્ થઈ ગયું છે. ઈમેલ, એસએમએસ, મોબાઈલનો અનહદ રીતે ઉપયોગ થાય છે. એસએમએસ વડે જાણે નવી જ ભાષા ઉભી થઈ ગઈ છે. આ બધા જોખમો નજરઅંદાજ કરી શકાય તેમ નથી. ગુજરાતના સદ્નસીબે ગુજરાતી સાહિત્ય પરિષદ અનેક કાર્યક્રમો આયોજીત કરે છે. 'વાંચે ગુજરાત' ની પ્રવૃત્તિએ વિદ્યાર્થીને પુસ્તક વાંચતા કર્યા હોય તેવું નજરે ચડે છે ત્યારે વાલીઓ પણ પોતાના બાળકો પુસ્તકો વાંચતા થાય તે માટે સઘન પ્રયત્નો કરે તો ખૂબ ઉપયોગી બને.ગુજરાતી ભાષાની વાટ સંકોરવા આ જરૂરી છે.

**દિનુભાઈ દવે**

## સ્મૃતિચિત્રો

આજથી ત્રીસેક વર્ષ પહેલા સિલોન ( હાલનું શ્રીલંકા )જવાનું થયું ત્યારે વિનિમયનો દર ભારતીય ૧૦૦ રૂપિયાના ૮૦ રૂપિયા મળતા હતા.

અમારી ટ્રેન જયારે મદુરાઈ પહોંચી ત્યારે કેટલાક માણસો ડબ્બામાં આવીને કહેવા લાગ્યા કે તમે સિલોન જવાના છો તો ભારતીય રૂપિયાને અમે શ્રીલંકાના રૂપિયામાં બદલી આપીશું.આમ કરવું અમને યોગ્ય ન જણાયું.

નવાઈ તો ત્યારે લાગી કે જયારે અમે રામેશ્વર પહોંચ્યા ત્યારે કેટલાક લોકો અમને આવીને કહેવા લાગ્યા કે ભારતીય ૧૦૦ રૂપિયાના અમે સિલોનના ૧૦૦ રૂપિયા આપીશું.

અમે જયારે તલાઈમનારથી કોલંબો જવા માટે ટ્રેનમાં બેસવાની ટિકિટ લેવા ગયા ત્યારે સ્ટેશન માસ્તરે પણ અમને કહ્યું કે તમે સિલોન રૂપિયાને બદલે ભારતીય રૂપિયા આપશો તો સ્વીકારતા મને આનંદ થશે. આ ઉપરથી અમને લાગ્યું કે સત્તાવાર રીતે ભારતીય રૂપિયાની કિંમત વધારે હોવી જોઈએ તે સમયનો વિનિમય દર કૃત્રિમ હશે તેમ જણાયું.

બીજે દિવસે અમે સિલોન બેંકમાં જયારે સિલોનનું વધારાનું ચલણ લેવા ગયા ત્યારે અમારે જે રકમ જોઈતી હતી તે રકમની ગણતરી ભારતના ૧૦૦ રૂપિયાની સામે સિલોનના ૮૦ રૂપિયાની ગણતરી કરીને અમે બેંકને પૈસા આપ્યા પરંતુ બેંકે અમને ભારતીય ૧૦૦ રૂપિયાની સામે અમને સિલોનના ૧૦૦ રૂપિયા કરતા પણ વધારે રૂપિયાની ગણતરી માંડીને પૈસા ચુકવ્યા ત્યારે મેં મેનેજરને પૂછયું કે આ વધારાના રૂપિયા આપવાનું કારણ શું ? ત્યારે તેમણે જણાવ્યું કે હાલ ચાલતો વિનિમયનો દર કૃત્રિમ છે અને પર્યટકો નિયમ વિરૂધ્ધ પૈસા ન વટાવે તે હકીકતને નજરમાં રાખીને અમે ભારતીય રૂપિયા સામે વધારાના સિલોન રૂપિયા અમે પર્યટકોને ઈન્સેન્ટીવ તરીકે ચૂકવીએ છીએ.

સિલોનમાં જુદા જુદા સ્થળો ફરવા માટે એટલે કે કેન્ડી, નુઆરા વગેરે સ્થળોએ જવા માટે બે બસ અમે ભાડે કરી હતી પરંતુ આ વધારાની રકમ હાથમાં આવતા એક કેરિયર ભાડે રાખીને રસોઈ કરનાર અને નોકરો અમારી અગાઉ જે તે સ્થળે પહોંચી જાય અને અમે પહોંચીએ ત્યારે રસોઈ તૈયાર હોય તેમજ બીજે સ્થળે તેઓ અગાઉથી પહોંચી જાય તે પ્રકારનું આયોજન અમે કરી શકયા. અને આ રીતે સિલોનના વિવિધ સ્થળો ફરવા માટે અમે ઘણો સારો એવો સમય મેળવી શકયા અને સિલોનમાં હરીફરીને ઘણું જોયું કારણકે અમારી પાસે કેરિયરની સુવિધા પ્રાપ્ત હતી.

અનાયાસે આ સુવિધા અમને પ્રાપ્ત થતાં ખૂબ સારી રીતે અમે દરેક સ્થળે પૂરતો સમય આપીને આ પ્રવાસ સુખદ રીતે કર્યો.

**દિનુભાઈ દવે**

## 'બાળકમાં આટલો અજંપો કેમ છે ?'

'બેન ! મારે મારા અનિકેતના ટીચરને મળવું છે'

'કેમ ? શું મુશ્કેલી ઉભી થઈ છે ?'

'બેન ! આમ તો કંઈ ખાસ નથી. પણ એને હું ઘેર ભણાવું છું તો બધું જ ખૂબ સરસ લખે છે, અક્ષર પણ ખાસ્સા સરસ કાઢે છે અને અહીં સ્કૂલમાંથી તો કશું જ લખ્યા વીના આવે છે. મને ખબર પણ કેવી રીતે પડે કે આજે સ્કૂલમાં શું ચલાવ્યું છે એટલે પછી એને ઘેર ભણાવતાં ય મને કયારેક ન ફાવે અને હું મૂંઝાઈ જાઉં છું, આમ ને આમ કાલે તો એની નોટમાં એના ટીચરની નોંધ આવી કે 'અનિકેત વર્ગમાં જરા પણ લખતો નથી અને ચાલુ વર્ગે આખા વર્ગમાં ફર્યા જ કરે છે. એની જગ્યાએ બેસતો નથી. અને એને કારણે બીજા બાળકોનું ભણવાનું પણ બગડે છે.' મને જ સમજાતું નથી. આનું શું કરવું.... અનિકેત ઘેર જુદો અને સ્કૂલમાં કેમ જુદો થઈ જાય છે..? એવું તે એને શું થાય છે ?'

પ્રિયંકા આજે આવી ત્યારથી સુસ્તીમાં જ લાગ્યા કરે છે. ખબર નહીં, એની તબીયત સારી નથી કે મુડ સારો નથી, પહેલા પીરીયડમાં તો કશું જ લખ્યું નહીં, બેને ગણિતના દાખલા કરાવવા માંડયા, બધાંએ કર્યા પણ પ્રિયંકાએ ગણિતની નોટ સુદ્ધાં ખોલી નહીં, આટલા નાના પહેલા ધોરણના છોકરાને બળજબરીથી તે કંઈ ઓછું જ ભણાવાય ! 'કંઈ નહીં એક દિવસ ન ભણે તો શું આભ તૂટી પડવાનું છે ! કાલે કરશે'વિચારી એને ફરજ ન પાડી ને એમને એમ ગણિતનો પીરીયડ પૂરો થયો. બીજો પિરીયડ આવ્યો સંગીતનો. હવે તો પ્રિયંકા એની બેનપણીના ખોળામાં માથું મૂકીને સૂઈ ગઈ, બેનને ડર લાગ્યો, તેની તબીયત સારી નથી કે શું ? પણ નસીબસંજોગે એવું કશું જ ન નીકળ્યું, કોઈ કારણસર એને આજે મઝા નહોતી એટલે એને સંગીત નહોતું કરવું પણ પ્રિયંકા આમ હોશિયાર, ડાહી પણ ખરી પણ ભારે સ્વમાની, છાપ સારી છોકરીની એટલે એને એવું ખરું કે એ કહે એવું બધાંએ કરવું જોઈએ, એટલે એણે બધી છોકરીઓને 'ચૂપ' કહી દીધું. કોઈએ સંગીતમાં ગાવાનું નથી, વર્ગમાં કેપ્ટન નહીં પણ કેપ્ટન જેવું વર્ચસ્વ તો ખરું એટલે આટલા નાના બાળકો. બધાં જ એના કહેવાથી ગાતા બંધ થઈ ગયાં, સંગીતના બેને ઘણાં સમજાવ્યાં, 'બધાં ગાવ, ગીતો ગાવાની કેવી મઝા આવે ! ફરી સંગીતનો પીરીયડ તો કયારેય આવશે' પણ પ્રિયંકા માને તો ને ! સંગીતના બેન કરે ય શું ? પિરીયડ લે પણ કેવી રીતે ? આટલા નાના બાળકોના હઠાગ્રહ આગળ કયારેક શિક્ષકોનો શિસ્તનો આગ્રહ પણ નાકામિયાબ નિવડે છે ને ત્યારે ! બહુ મોટો પ્રશ્ન ઉભો થાય છે. હંમેશા સંગીત જેને બહુ ગમે છે એવી પ્રિયંકા, આજે કેમ આમ બદલાઈ ગઈ ? આજે એને થયું છે શું ?

રોજેરોજ બાળકોનાં આવા પ્રશ્નો ઉભા થતાં જ રહે છે. જેમ એક માનાં બે બાળકો સરખા નથી હોતા તેમ એક બાળકની બે પળ પણ સરખી નથી હોતી અને એટલે જ કઈ ક્ષણે કયુ બાળક કેવી રીતે વર્તશે, કે શું કરશે તેનું અનુમાન કરવું એ બહુ જ મુશ્કેલ છે. આ તો બાળારાજા કહેવાય. મનમાં આવે તેમ વર્તે. અનિકેત ઘેર પપ્પા પાસે ડાહ્યો થઈને લખે,પણ સ્કૂલમાં આટલાં બધાં ભાઈબંધો સાથે એને રમવાનું ને ગપાટાં મારવાનું મન ન થાય! બાળક માટે તો એ સાહજીક છે. એવી મઝા તો માણી હોય એને જ ખબર પડે ને ! એટલે અનિકેતને લખતો કરવા તો એને પાણી ચડાવવું પડે કે 'તારે પપ્પા જેવા એંજીનીયર થઈને પૂલો બાંધવા છે ને! તું કેટલા પૂલો બાંધીશ ?' motivation અને goal setting ની આ ઉંમરેય જરૂર તો ખરી જ અને એનું પેટ્રોલ વારંવાર પૂરવું પડે. અને પછી જૂઓ અનિકેતનો ઉત્સાહ... આ અનિકેત જુદો જ જોઈ લ્યો... એનાં અહમૂને જાગૃત કરવો પડે છે, અઢી વર્ષનાં બાળકને પણ મોટાં થઈને કંઈક બનવાનાં સપનાં હોય છે, એમને પ્રેરણા અને પ્રોત્સાહન પૂરા પાડવાની જરૂર હોય છે.

પ્રિયંકા કોઈક કારણસર સવારથી જ બરાબર નહોતી અને સ્કૂલમાં આવી તેથી આ પરિસ્થિતિ ઉભી થઈ. બાળક સ્કૂલમાં આવે ત્યાં સુધીમાં જો તેને મા તરફથી પૂરતો પ્રેમ, સંતોષ અને સાર સંભાળ મળ્યાં હોય તો સ્કૂલમાં પણ તેઓ સ્વસ્થતાથી ભણી શકે છે. માબાપનો પ્રેમ તો બાળક માટે પ્રાણવાયુથી પણ અધિક હોય છે. બાળક સતત માબાપની આંખમાંથી તેને માટે નીતરતો પ્રેમ ઝંખે છે પણ આપણે માબાપ પણ સવારથી ઉઠીએ ત્યારથી જ આપણા નિત્યક્રમમાં એટલા બધાં વ્યસ્ત હોઈએ છીએ કે બાળકનો અગ્રતાક્રમ તો છેક છેલ્લો આવે છે, પરિણામે બાળકને ઉપેક્ષિત neglected ની ગ્રંથિ પેસી જાય છે ને તેને કારણે એ વધુ પડતી demand કરતું થાય છે, કયારેક તો એને પોતાનેય ખબર નથી પડતી કે એને કેમ આવું થાય છે. એને 'હાશ' કેમ નથી થતી ! એટલે મારું બાળક ખૂબ જ હોંશિયાર છે અને એ કદી આવું કરે જ નહીં એવી માની લેવાને બદલે એને કયાં કાંટો ખૂંચે છે એ વિચારીને એને દૂર કરીએ તો તે બાળકનાં અને આપણા બંનેના હિતમાં છે, આખરે તો બાળકની પ્રસન્નતા એ જ બાળકના વિકાસની સાચી ચાવી છે. એમાં આપણે શું ધારીએ છીએ કે માનીએ છીએ તે કરતાં બાળકને ધ્યાનમાં રાખીને વિચારીએ તો બાળકનાં ઘડતરમાં તે ઘણું ઉપયોગી નિવડે છે. સંતાનોનું ઘડતર એ તો સાધના છે, અને સાધના વીના કયારેય સિદ્ધિ મળતી નથી. આજના ઉગતાં બાળકોમાં આટલો બધો અજંપો એટલે જ છે કે આપણે માબાપ તરીકે એ સાધનામાં ઉણા પડીએ છીએ. આપણાં જીવનની પળેપળ સંતાન સાથે પલોટીશું નહીં ત્યાં સુધી સંતાનોમાં આ અજંપો જોવા મળવાનો જ, એ અજંપા માટે જવાબદાર આપણે છીએ.

**ઊર્મિલા શાહ**

# સંસ્થાકીય સમાચાર

## બાલવાડી

બાલમંદિરના વિશાળ પ્રાંગણમાં મુકત મને વિહરતા બાલવાડીનાં બાળકો સંગીત સાથે શાળામાં અપાતી વિવિધ પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહયા છે.

તા.૧૬-૯-૧૧ના રોજ 'બકરીબેન અને ભટુરિયા'ની વાર્તા તથા 'ભૂંડી ઉંદરડી'ની વાર્તા નાટકરૂપે રજૂ કરી. બાળકોએ તે રસપૂર્વક નિહાળી.

'વાંદરો અને મગર' અને 'ઉંદર સાત પૂંછડિયો' ની વાર્તા પપેટ રૂપે રજૂ કરી. હાજર રહેલા સૌ બાળકોએ તેની મઝા માણી.

આ મહિના દરમ્યાન બાલસભાનું આયોજન કરાયું. જેમાં બાળકોએ સુંદર બાળગીતો, જોડકણાં અને કાલીઘેલી ભાષામાં વાર્તા રજૂ કરી.

બાલવાડીના બાળકોએ ખૂબ ઉત્સાહથી નાતાલની ઉજવણી કરી.

## બાલમંદિર

તા.૧૪-૧૧-૧૧ને સોમવારથી શાળાનું બીજું સત્ર થતા બાળકો હર્ષભેર શાળામાં આવ્યા. ૧૪ નવેમ્બરે બાલદિન નિમિત્તે બાળકોને નહેરુ ચાચાની સાચી ઓળખ આપી, એમણે આપેલ સૂત્ર 'આરામ હરામ હે' અંગે સમજ આપી કૂચ કરાવી.

તા.૧૮-૧૧-૧૧ને શુક્રવારે બાલસભાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં બાળકોએ સુંદર રીતે વાર્તાકથન, પ્રાર્થના, પૂજા નૃત્ય વગેરે રજૂ કર્યા. જેનાથી બાળકોમાં પડેલી શક્તિઓ ખીલે છે.

શિયાળાની શરૂઆત થતા બાળકોને કસરતથી થતા ફાયદા સમજાવી સમૂહ કસરતનું આયોજન કરવામાં આવ્યું. સાથે આંધળી ખિસકોલી, દોડપકડ, સંગીતખુરશી, દોરડાકૂદ જેવી સમૂહ રમતોનું પણ આયોજન કરવામાં આવ્યું.

તાલીમના બાળકોને અકસ્માતના પાઠ દ્વારા ટ્રાફિકના નિયમોની સમજ આપી.

તા.૯-૧૨-૧૧ ને શુક્રવારે દલાતરવાડી પપેટ નિહાળવાની બાળકોએ મજા માણી. કૂવામાં ડૂબકાં ખાતા દલાતરવાડીને જોઈ બાળકો આનંદમાં આવી ગયા.

કમ્પ્યૂટરના માધ્યમ દ્વારા વદ અને સુદમાં ચંદ્રમાં થતા ફેરફારો અંગે માહિતી આપી. પૃથ્વી ચંદ્ર,સૂર્યની પરિક્રમાની સમજ આપી ચંદ્રગ્રહણ અંગે માહિતી આપી. બાળકોને ચંદ્રગ્રહણ જોવા પ્રેર્યા.

તા.૧૪ ડિસેમ્બર 'ઉર્જા બચાવો દિન' નિમિત્તે વીજળી કેવી રીતે ઉત્પન્ન થાય છે અને એનો વપરાશ ખૂબ સાચવીને સમજપૂર્વક કરવો જોઈએ એ અંગે બાળકોને માહિતી આપી.

નાતાલના પર્વની ઉજવણીની તૈયારીમાં બાળકોએ સુંદર સ્નોમેન, ક્રિસમસ ટ્રી વગેરે બનાવ્યા. તા.૨૪-૧૨-૧૧ને શનિવારે ખ્રિસ્તીઓના આ તહેવારની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. જેમાં જૈનિલભાઈ, જયભાઈએ સાંતાક્લોઝ બની ઉત્સાહભેર બાળકોને ચોકલેટ વહેંચી. 'આવી નાતાલ રૂડી આવી નાતાલ' ગીત ગાઈ નવા વર્ષના શુભ આશિષ આપ્યા. તા.૨૭-૧૨-૧૧ના રોજ શ્રી હર્ષાબેન પ્રજાપતિએ સાન્તાકલોઝ રૂપે બાલમંદિરના બાળકોને રૂબરૂ મળી ભેટ આપી, બાળકોને ખૂબ મજા આવી.

તા.૨૯-૧૨-૧૧ના રોજ બાળકોને આબેહુબ કાચબા તેમજ બચ્ચાં જોવાની અને તેના વિશે જાણકારી મેળવવાની મજા આવી.

## શિશુમંદિર

તા.૧૯-૮-૧૧ના રોજ ધોરણ ૧ થી ૪ ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી.

તા.૮-૧૦-૧૧નાં રોજ નવરાત્રિ નિમિત્તે ગરબા મહોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. બહેનોએ વિવિધ પ્રકારનાં સરસ ગરબા રજૂ કર્યા.

તા.૨૨-૧૧-૧૧ના રોજ દિવાળીની રજાઓ દરમ્યાન ગૃહકાર્યમાં અપાયેલ પ્રોજેક્ટસ્નું પ્રદર્શન યોજવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ ખૂબ રસપૂર્વક સરસ નમૂના બનાવ્યાં હતાં. જેમાં વાલીઓએ લીધેલો રસ પણ દેખાઈ આવતો હતો.

### આંતરગૃહ સ્પર્ધા :

| | | | |
|---|---|---|---|
| **તોરણ સ્પર્ધા** | તા.૧૪-૧૦-૧૧ | | |
| | પ્રથમ | જૈનાક્ષી ભાવસાર | મેઘનાદ |
| | દ્વિતીય | શૈલી શાહ | ગંગોત્રી |
| | | નિધિ શાહ | ધવલગિરિ |
| | તૃતીય | ખુશ્બુ શાહ | ગંગોત્રી |
| | | ઈશિતા અંટાળા | ગંગોત્રી |
| | | દ્રષ્ટિ શાહ | ધવલગિરિ |
| **આરતી સ્પર્ધા** | **તા. ૧૪-૧૦-૧૧** | | |
| | પ્રથમ | આશના અગ્રવાલ | રત્નદીપ |
| | દ્વિતીય | હાર્દિ શાહ | ધવલગિરિ |
| | | સ્તુતિ શાહ | રત્નદીપ |
| | તૃતીય | પંક્તિ આયર | ગંગોત્રી |
| | | બ્રિન્દા પારેખ | ધવલગિરિ |
| | | રાજવી પટેલ | ગંગોત્રી |
| **ટેબલ ડેકોરેશન સ્પર્ધા** | તા.૧૬-૧૨-૧૧ | | |
| | પ્રથમ | ધનશ્રી શાહ | ધવલગિરિ |
| | દ્વિતીય | હિનમ જેઠવા | ધવલગિરિ |
| | તૃતીય | શૈલી ગાડે | ગંગોત્રી |
| | | બ્રિન્દા પારેખ | ધવલગિરિ |
| **સલાડ સ્પર્ધા** | તા.૧૬-૧૨-૧૧ | | |
| | પ્રથમ | પંક્તિ આયર | ગંગોત્રી |
| | દ્વિતીય | કવિષા શુક્લ | રત્નદીપ |
| | | જૈનમ શાહ | રત્નદીપ |
| | તૃતીય | આશના અગ્રવાલ | રત્નદીપ |
| | | વિશ્વા કકૈયા | ધવલગિરિ |
| | | જૈનાક્ષી ભાવસાર | મેઘનાદ |

તા.૨૦-૧૨-૧૧ના રોજ ધોરણ ૭ અને ૮ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે તથા તા.૩૦-૧૨-૧૧ના રોજ ધોરણ ૪-૫-૬ના વિદ્યાર્થી ભાઈબહેનો માટે તિરૂપતિપાર્ક અને ઐઠોરના ગણપતિનો પ્રવાસ યોજાયો.

## SHARDAMANDIR MODERN SCHOOL

તા.૧૪-૧૦-૧૧ના રોજ ધો.૩ અને ૪ના વિદ્યાર્થી ભાઈબહેનોએ કોડિયા સુશોભન સ્પર્ધામાં ભાગ લીધો.

તા.૨૨-૧૧-૧૧ના રોજ વિદ્યાર્થીઓએ ૨૦૧૦ થી ૨૦૧૧ના વર્ષ દરમ્યાન કરેલ વિવિધ સ્પર્ધાઓ અને વેકેશન દરમ્યાન કરેલ પ્રોજેક્ટસ્ વગેરેનું પ્રદર્શન યોજવામાં આવ્યું.

ધો.૪ થી ૯ના વિદ્યાર્થીઓએ પ્રયોગો બતાવી વિજ્ઞાનને લોકભોગ્ય બનાવવાનો સફળ પ્રયોગ કર્યો. વાલી તથા વિદ્યાર્થીઓએ તેમાં બહુ રસપૂર્વક ભાગ લીધો.

### આંતરગૃહ સ્પર્ધાઓ :

| | | | |
|---|---|---|---|
| **ગ્રીટીંગ્સ કાર્ડ સ્પર્ધા** | તા.૧૭-૧૦-૧૧ | | |
| | પ્રથમ | કૈરવી પટેલ | અમલતાસ |
| | દ્વિતીય | કનિષી શાહ | કદમ્બ |
| | તૃતીય | રોહન શાહ | પારિજાત |
| | | તુલસી મહેતા | કદમ્બ |
| **તોરણ સ્પર્ધા** | તા.૧૮-૧૦-૧૧ | | |
| | પ્રથમ | ભાષા શાહ | પલાશ |
| | દ્વિતીય | અયન પટેલ | કદમ્બ |
| | | નંદીશ ભગત | કદમ્બ |
| | તૃતીય | સુહાની ભટ્ટ | અમલતાસ |
| | | જય ભટ્ટ | પલાશ |
| **રંગોળી સ્પર્ધા** | તા.૧૯-૧૦-૧૧ | | |
| | પ્રથમ | જૂહી ચોકસી | |
| | દ્વિતીય | ઝીલ પરમાર | પારીજાત |
| | | કુંજલ બ્રહ્મભટ્ટ | પારીજાત |
| | તૃતીય | ધ્રુવ નવલખા | પારીજાત |
| | | પ્રાર્થના ઝાલા | પલાશ |
| | | ભાષા શાહ | પલાશ |
| **નિબંધ સ્પર્ધા** | તા.૨૫-૧૧-૧૧ | | |
| **અંગ્રેજી** | પ્રથમ | અંજસિ શાહ | પલાશ |
| | દ્વિતીય | ધ્રુમિ શાહ | અમલતાસ |
| | | નીલ મોદી | કદમ્બ |
| | | જય ભટ્ટ | પલાશ |
| | તૃતીય | ઝીલ પરમાર | પારીજાત |
| | | રોહન શાહ | પારીજાત |
| **હિન્દી** | પ્રથમ | જૈમિન રાઠોડ | પલાશ |
| | દ્વિતીય | શ્રુતિ શાહ | પલાશ |
| | | ધ્રુવ રાઠોડ | કદમ્બ |
| | | આકાશ શાહ | કદમ્બ |

| | | | |
|---|---|---|---|
| | તૃતીય | ધન્વી શાહ | અમલતાસ |
| | | હર્ષિલ શાહ | અમલતાસ |
| | | ધ્રુવ નવલખા | પારીજાત |
| ગુજરાતી | પ્રથમ | તુલસી મહેતા | કદમ્બ |
| | દ્વિતીય | ભાષા શાહ | પલાશ |
| | | કુંજલ બ્રહ્મભટ્ટ | પારીજાત |
| | તૃતીય | ડીન્કી જાની | પારીજાત |
| | | યશ્વી વડેચા | અમલતાસ |
| **ન્યુઝ રીડીંગ સ્પર્ધા** | | તા.૧૫-૧૨-૧૧ | |
| | પ્રથમ | અંજસિ શાહ | પલાશ |
| | દ્વિતીય | કૈરવી પટેલ | અમલતાસ |
| | તૃતીય | જય ભટ્ટ | પલાશ |
| **ન્યુઝ રીપોર્ટીંગ સ્પર્ધા** | | તા.૧૫-૧૨-૧૧ | |
| | પ્રથમ | નિનાદ બુચ | પલાશ |
| | દ્વિતીય | સિધ્ધાંત શાહ | પારીજાત |
| | તૃતીય | ફલક પંડિત | પલાશ |

## વિનયમંદિર

**એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી યોજાયેલ સ્કોલરશીપ વિતરણ કાર્યક્રમ**

તા.૨૫-૧૧-૧૧ના રોજ એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી અપાતી સ્કોલરશીપ ઓફ એક્સેલન્સ માટેનો કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન તરફથી સંસ્કૃત એકેડમીના ડાયરેક્ટર શ્રી મિહિરભાઈ ઉપાધ્યાય અને એજ્યુકેશન ફાઉન્ડેશનના કો-ઓર્ડિનેટર શ્રી આનંદભાઈ પાઢ ઉપસ્થિત રહ્યા હતાં. મા સરસ્વતીની સ્તુતિથી, પ્રાર્થનાથી કાર્યક્રમનો પ્રારંભ થયો. કો.ઓર્ડિનેટર શ્રી ઉર્મિબેને સૌનું સ્વાગત કરી મહેમાનોનો પરિચય આપ્યો. મુખ્ય મહેમાન શ્રી મિહિરભાઈએ વિદ્યાર્થીઓને અભ્યાસ માટે ખૂબ પ્રેરક પ્રવચન આપ્યું. ત્યારબાદ સ્કોલરશીપ મેળવતી બહેનોને સર્ટીફીકેટ અને રૂ.૫૦૦ નો ચેક તથા તેમના વાલીને શ્રીફળ તથા ચાંદીની મુદ્રા આપીને બહુમાન કરવામાં આવ્યું. વિદ્યાર્થીની ઉજ્જવળ કારકિર્દીમાં વાલીની પ્રેરણાનું પરિબળ પણ ઘણું મહત્વનું હોય છે. ત્યારબાદ નિયામક મુ.શ્રી દિનુભાઈએ આશીર્વચન આપ્યાં. અંતે વિનયમંદિરના આચાર્ય શ્રી વિજયભાઈ રાવલે આભારવિધિ કરી અને કાર્યક્રમ સમાપ્ત થયો.

### આંતરગૃહ સ્પર્ધાઓ :

| | | | |
|---|---|---|---|
| **આરતી સ્પર્ધા :** | | તા.૨૩-૧૧-૧૧ | |
| | પ્રથમ | દ્વિજ જાની | ગીતગોવિંદ |
| | દ્વિતીય | રિયા પટેલ | ચંદ્રમૌલિ |
| | | ખુશ્બુ ઠક્કર | મેઘદૂત |
| | તૃતીય | હાર્દિ કાનુગા | મેઘદૂત |
| | | હેલી શાહ | પદ્મપુકુર |
| **રંગોળી સ્પર્ધા** | | | |
| | પ્રથમ | ગરિમા મહેતા | ચંદ્રમૌલિ |
| | દ્વિતીય | નિરાલી ઉપાધ્યાય | મેઘદૂત |
| | | ઐશ્વર્યા વાઘેલા | પદ્મપુકુર |
| | તૃતીય | નિરાલી ભટ્ટ | પદ્મપુકુર |
| **તોરણ સ્પર્ધા** | | | |
| | પ્રથમ | કક્ષા શાહ | મેઘદૂત |
| | દ્વિતીય | અવની કથિરીયા | ગીતગોવિંદ |
| | તૃતીય | મોનાલી શાહ | પદ્મપુકુર |
| | | ઉન્નતિ તબિયાર | ચંદ્રમૌલિ |

## શ્રદ્ધાંજલિ

### ભૂતપૂર્વ શિક્ષક શ્રી દેવેન્દ્રભાઈ ઠાકરને ભૂતપૂર્વ વિદ્યાર્થી દ્વારા અંજલિ

તા.૩૧-૮-૨૦૧૧ના રોજ આપણી શાળાના ભૂતપૂર્વ શિક્ષક અને આચાર્ય શ્રી દેવેન્દ્રભાઈ ઠાકરનું અવસાન થયું. આ સમાચાર મળતાં જ શાળાના સ્મરણોની યાત્રા મારી આંખ સામેથી પસાર થઈ ગઈ. શારદામંદિર આપણા હૃદયમાં છે કારણકે આ સંસ્થાએ આપણને ઉત્તમ શિક્ષકો દ્વારા ઉત્તમ શિક્ષણ આપ્યું છે. સાચો શિક્ષક માત્ર અભ્યાસક્રમલક્ષી જ નથી ભણાવતો. જવાબો આપીને "spoonfeeding" કરવા કરતાં વિદ્યાર્થી બને તેટલા વધુ પ્રશ્નો પૂછવા અને એના જવાબ આપવા વિદ્યાર્થીને પ્રેરવા એ સાચા શિક્ષકનું કર્તવ્ય છે એમ મને લાગે છે.

સાહેબ વિષય ઉપરાંત એની આજુબાજુની અનેક વાતો કરતા અને એ રીતે વિષયમાં વિદ્યાર્થીનો રસ પેદા થાય તે જોતા. શ્રી દેવેન્દ્રભાઈ એ તમામ દ્રષ્ટિએ જોતાં સાચા શિક્ષક હતા. અંગ્રેજી અને સંસ્કૃત એમના વિષયો હતા. ભણાવવાની રીત એવી કે પ્રથમ વર્ષથી જ સૌ વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ જતાં. સંસ્કૃતના સ્તોત્રો એ ગાઈને શીખવતા. અને એમણે શીખવેલું "ભજગોવિન્દમ્" સ્તોત્ર હજી આજે પણ ( લગભગ ત્રીસ વર્ષ પછી ) હૃદયમાં, મનમાં અકબંધ છે. આજે યાદ આવે છે એમનો ક્રિકેટપ્રેમ, (સર વિવિયન રીચર્ડસ કઈ રીતે શોટ મારે છે એ એકની એક વાત સાહેબ દર અઠવાડિયે કરતા અને દરેક વખતે એટલા જ ઉત્સાહથી કહેતા ) આજે યાદ આવે છે સાહેબની રમૂજવૃત્તિ, એમની સંસ્કારપ્રિયતા. પોતાની જાત પર હસી લેવાનું સાહેબે શીખવાડ્યું. કવિશ્રી ઉમાશંકર જોશીનાં કાવ્યમાં આવતી વાત સાહેબે કદાચ જીવનમાં ઉતારેલી -

"સહો હસો, હસો , સહો,
જિંદગીની ચાહના બધી મહીંય સ્હેવું એકલું ચહો
ન ગૂઢ મોંઘી આત્મવેદના ઘરોઘરે કહો
અને જગે લદાય ભાર તે અબોલ સૌ વહો,સહો, હસો..."

કેટલીક અંગત વાતો :-

સાહેબના પ્રિય વિદ્યાર્થીઓમાં સ્થાન મેળવવાનું સદ્ભાગ્ય મને સાંપડેલું. મારી વર્ષગાંઠની તારીખ એકવાર એ જાણી ગયા પછી ૧૯૮૦ બાદ ૨૦૧૦ સુધી એક પણ વર્ષગાંઠ એવી નથી ગઈ કે જ્યારે સવારના પ્હોરમાં સાહેબનો આશીર્વાદ આપવા ફોન આવ્યો ન હોય. આવું સદ્નસીબ કોનું હોય કે તમારા પ્રિય શિક્ષક તમારી વર્ષગાંઠ શાળા છોડયા પછી છેવટ સુધી યાદ રાખે? મારા જેવા અનેક વિદ્યાર્થીઓના એ કુટુંબીજનંબની ગયેલા. બારમા ધોરણનું અમારું પરિણામ જાહેર થયું ત્યારે મારો નંબર બોર્ડમાં બીજો જાહેર થયેલો. પુનર્મૂલ્યાંકનમાં ગુજરાતી વિષયના માર્ક્સ વધ્યા છે એવો પત્ર બોર્ડ તરફથી શાળાને મળ્યો ત્યારે તો એચ.એલ.કોમર્સ કોલેજમાં અભ્યાસ ચાલુ થઈ ગયેલો. પણ આ સમાચાર મળતાં જ સાહેબ બીજું બધું છોડીને પોતાના લેમ્બ્રેટા સ્કૂટર પર એચ.એલ.માં મને શોધી આ સમાચાર આપવા નીકળી પડેલા. હું બોર્ડમાં પ્રથમ થયેલ છું એ વાતનો એમના મુખ પરનો આનંદ આજે પણ મારા મનમાં કમ્પ્યૂટરમાં સેવ થયેલો છે. કદાચ એમને મારા કરતાં પણ વિશેષ આનંદ હતો.જ્યારે મળીએ ત્યારે શારદામંદિર અને શ્રી દિનુભાઈ માટેનો લગાવ અને અહોભાવ એમની આંખમાં છલકાતો. આજે સાહેબ નથી ત્યારે એમના જેવી સંનિષ્ઠ વ્યક્તિની ખોટ સાલે તે સ્વાભાવિક છે. સાહેબ અમારા શિક્ષક હતા એ અમારું સદ્ભાગ્ય અને ગૌરવ. શારદામંદિરના આવા નિષ્ઠાવાન શિક્ષકને સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વતી વંદન કરું છું, અંજલિ આપું છું.

**અમર ભટ્ટ**
**તા.૫-૯-૨૦૧૧ (શિક્ષકદિન)**
**( શાળા છોડયાનું વર્ષ ૧૯૮૨)**

તંત્રી, મુદ્રક પ્રકાશક : દિનુભાઈ દવે, આચાર્ય અને નિયામક,શારદામંદિર,
અમદાવાદ-૩૮૦૦૦૭. Fax : 079 26622480
EMAIL : shardamandir1924@gmail.com